હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીચ્ય

સળંગ અંક : ૮૯૧, વર્ષ : ૩૭, અંક : ૨૦
૧૬-ઓક્ટોબર, ૨૦૨૬

HNGU
HEMCHANDRACHARYA
NORTH GUJARAT
UNIVERSITY, PATAN

Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઇ

* જયાં સુધી તમે શીખવાનું ચાલુ રાખશો, ત્યાં સુધી તમે યુવાન છો. યુવા મહોત્સવ એ તમારી અંદર છુપાયેલી કળા અને નવીનતાને બહાર લાવવાનો ઉત્સવ છે.
* સંસ્કૃતિનો વારસો અને યુવાનીનો જોશ, જ્યાં બંને ભેગા થાય ત્યારે જન્મે છે એક અદ્‌ભૂત 'યુવા મહોત્સવ'

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે સાથે જીવન ઘડતર અને કલા કૌશલ્ય જેવી વિવિધ પ્રવૃતિઓ કરતા હોય છે. આ પ્રવૃતિઓ પૈકી દર વર્ષે ઉજવાતો યુવક મહોત્સવ એ યુવા શક્તિ, ઉત્સાહ અને સર્જનાત્મકતાની ઉજવણી કરવાનું એક સુંદર મંચ છે. શાળાઓ, કૉલેજો, યુનિવર્સિટીઓ તેમજ જિલ્લા, રાજય,અને રાષ્ટ્રીય સ્તરે યુવક મહોત્સવ આયોજિત થતા હોય છે. આ યુવક મહોત્સવ યુવાનોના સર્વાંગી વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. યુવક મહોત્સવમાં યુવાન વિદ્યાર્થી મિત્રોને પોતાની સુષુપ્ત શક્તિઓ, કળા અને વિચારોને પ્રદર્શિત કરવા માટે મળતી એક ઉત્કૃષ્ટ તક છે અને પોતાની પ્રતિભા દર્શાવવા માટે સાંસ્કૃતિક સ્પર્ધાઓ (લોકનૃત્ય-રાસ-ગરબા, એકાંકી, નાટક, શાસ્ત્રીય નૃત્ય, માઇમ, સમૂહગીત, લોકસંગીત, શાસ્ત્રીયગાયન), બૌદ્ધિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓ (વકૃતત્વ સ્પર્ધા, ડીબેટ, ક્વિઝ), સર્જનાત્મક અને ચિત્રકળા (રંગોળી, ચિત્રકામ, ફોટોગ્રાફી, કોલાજ, મહેંદી) જેવી વિવિધ સ્પર્ધાઓમાં આત્મ વિશ્વાસ સાથે સહભાગી થતા હોય છે. યુવક મહોત્સવથી વિદ્યાર્થીઓમાં વ્યક્તિત્વ વિકાસ, ટીમવર્ક અને નેતૃત્વ, સાંસ્કૃતિક મૂલ્યોનું જતન, વિવિધ કૉલેજોના વિદ્યાર્થીઓ એકબીજાને મળે જેનાથી ભાઇચારો અને સામાજિક સમરસતા વધે છે. યુવક મહોત્સવ એટલે પોતાના અંદર રહેલી શક્તિઓને ખીલવવા માટેનું એક મંચ.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ઉપક્રમે 'પ્રાચીન ભારતથી વિકસિત ભારતની' થીમ ઉપર તારીખ ૫ અને ૬ ઓક્ટોબર બે દિવસીય ૩૭મો યુવક મહોત્સવ યોજાઈ ગયો. આ યુવક મહોત્સવમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ૧૦૪ કૉલેજોના ૧૬૩૬ વિદ્યાર્થીઓ સ્પર્ધામાં ઉત્સાહભેર પોતાની કલા, સંસ્કૃતિ અને સર્જનાત્મક પ્રતિભાનું પ્રદર્શન કરવા સહભાગી થયા હતા. ભારતની પ્રાચીન સંસ્કૃતિ, જ્ઞાન, કલા અને પરંપરાને આધુનિક ભારતની પ્રગતિ સાથે જોડવાના પ્રયાસથી પ્રાચીન ભારતથી વિકસિત ભારતની થીમ ઉપર આ યુવક મહોત્સવ આયોજિત થયો હતો. ઈચ્છા પૂર્ણ કરનાર દિવ્ય વૃક્ષ કલ્પવૃક્ષથી ઉજવવામાં આવેલ યુવક મહોત્સવમાં માન.કુલપતિશ્રી, જાણીતા પ્લેબેક સિંગર રૂજુ પ્રશાંત જાદવ,




સિધ્ધપુરના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટમંત્રી બળવંતસિંહ રાજપૂત, ચિત્રકાર જય બારડ, કુલસચિવશ્રી, યુનિવર્સિટી સત્તામંડળના સભ્યો, વિભાગીય વડાશ્રીઓ, કૉલેજના આચાર્યશ્રીઓ, અધ્યાપકો, અધિકારીશ્રીઓ અને કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

શારિરીક શિક્ષણ નિયામકશ્રીએ સૌને આવકારી કલ્પવૃક્ષ યુવક મહોત્સવમાં બે દિવસ દરમ્યાન યોજાનારી વિવિધ સ્પર્ધાઓની માહિતી, સ્ટેજ પ્રમાણે થતી ઈવેન્ટો અને નિર્ણાયકો તેમજ તે માટેની અન્ય જરૂરી માહિતી આપી હતી. માન.કુલપતિશ્રી ડૉ.કિશોરકુમાર પોરિયા પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ઉત્તર ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતની સરખામણીમાં બીજો પ્રદેશ આવી ન શકે. GEN z યુવાપેઢીમાં પ્રતિભાની કોઈ કમી નથી જો તેમને તક આપવામાં આવે તો રાષ્ટ્ર વિકાસમાં ખૂબ મોટું પ્રદાન કરી શકે છે. જાણીતા પ્લેબેક સિંગર રૂજુ પ્રશાંત જાદવે યુવક મહોત્સવને પોતાની પ્રતિભા રજૂ કરવાના મંચ તરીકે ગણાવી પાટણથી પટોળા, રશિયો રૂપાળો રંગ રેલીયા જેવા ગીત રજૂ કરી સમગ્ર હોલને ઉત્સાહથી અને આનંદ વિભોર કર્યો હતો. પ્રસિધ્ધ ચિત્રકાર જય બારડે પણ પોતાની ચિત્રકળાથી લાઈવ ચિત્ર દોરી સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. સિધ્ધપુરના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટમંત્રી બળવંતસિંહ રાજપૂતે દેશના વિકાસમાં યુવાનોની ભૂમિકાને મહત્ત્વની ગણાવી, તેમનામાં પડેલી કલ્પના શક્તિને ઉજાગર કરી વિવિધ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક જોડાવા માટે આહવાહન કર્યું હતું.

પ્રાચીન ભારતથી વિકસિત ભારતની થીમ ઉપર યોજાયેલ બે

દિવસીય યુવક મહોત્સવમાં વિદ્યાર્થીઓ દ્વારા લોકનૃત્ય, સંગીત, ક્વિઝ, નાટક, માઈમ, શાસ્ત્રીય ગાયન, રંગોળી, કોલાજ જેવી અલગ અલગ ૨૩ સ્પર્ધાઓમાં ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાનું બેસ્ટ પરફોર્મન્સ આપ્યું હતું. આ બે દિવસીય યુવક મહોત્સવના બીજા દિવસે કન્વેશન હોલ ખાતે વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાને વિજેતા થયેલ યુવા પ્રતિભાઓને નિર્ણાયકો દ્વારા તૈયાર થયેલ પરિણામના આધારે ટ્રોફી અને સર્ટિફિકેટથી નવાજવામાં આવ્યા હતા. સાથે સાથે જનરલ ચેમ્પિયન અને રનર્સ અપની ટ્રોફી પણ એનાયત કરવામાં આવી હતી. ૩૭મા યુવક મહોત્સવમાં પાટણની શ્રી અને શ્રીમતિ પી.કે.કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ જનરલ ચેમ્પિયન અને એમ.એન. કૉલેજ, વિસનગર રનર્સ અપ રહી હતી. કાર્યક્રમના અંતે સૌનો આભાર વ્યક્ત કરી આવનારા યુવક મહોત્સવમાં વધુમાં વધુ યુવાનો જોડાય અને પોતાની પ્રતિભા રજૂ કરે તે માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

યુવાનો એ દેશનું ભવિષ્ય છે. યુવાનોની શક્તિને યોગ્ય દિશા અને મંચ મળે તો દેશનો સર્વાંગી વિકાસ થાય છે. યુવક મહોત્સવ એ વિદ્યાર્થીઓના જીવનનો એક એવો યાદગાર પ્રસંગ છે. જે તેમને શિસ્ત, સર્જનાત્મકતા અને સમર્પણનો પાઠ શીખવે છે.

તા. ૧૬-૧૦-૨૦૨૬
પાટણ.

**પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા**
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

## યુવક મહોત્સવ 'કલ્પવૃક્ષ'




























## જીવનનો મર્મ













હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે શિવાભાઈ ઉમેદભાઈ પટેલ ગ્રંથાલય અને એન.એસ.એસ.ના સંયુક્ત ઉપક્રમે કન્વેન્શન હૉલમાં તા. ૨૬–૯–૨૦૨૬ ના રોજ ‘હસતા હસતા કપાય જીવનના રસ્તા’ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને અને કુલસચિવશ્રીના માર્ગદર્શન હેઠળ યોજાયેલ કાર્યક્રમમાં સુરતના જાણીતા પારસી રંગભૂમિના નાટ્યકાર અને પદમશ્રી યઝદી કરંજિયા વિશેષ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ અને સભાખંડમાં ઉપસ્થિત સૌ શ્રોતાઓને પ્રેરણાદાયી સંબોધન કરી જીવનમાં હંમેશા આનંદી અને સકારાત્મક રહેવાનો સંદેશ આપ્યો હતો. હળવી રમૂજીશૈલીમાં જીવનના પ્રસંગોના ઉદાહરણ સાથે તેઓએ જણાવ્યું હતું કે ઈશ્વરની રચેલી સુંદર સૃષ્ટિમાં માનવી તેની સર્વશ્રેષ્ઠ રચના છે. અન્યની સુખ–સમૃદ્ધિની ઈર્ષા કરવા કરતાં પોતાના જીવનમાં રહેલા સુખનો સ્વીકાર કરી પ્રફુલ્લિત રહેવું જોઈએ. તેમણે ચાર્લી ચેપ્લિનના વિચારને ટાંકીને જણાવ્યું હતું કે દુનિયામાં કોઈ મુશ્કેલી કાયમી નથી. તેથી ચિંતા છોડી હંમેશા હસતા રહેવું. આ પ્રસંગે ડૉ. રજની પટેલ (ગ્રંથપાલ) દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ વૈચારિક વાર્તાલાપમાં માનનીય કુલપતિશ્રી, કુલસચિવશ્રી, એન.એસ.એસ. કો–ઓર્ડિનેટર, યુનિવર્સિટીના તમામ વિભાગના સ્ટાફગણ, સત્તામંડળના સભ્યો અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો.

## આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ



ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પ્યુટર એન્ડ આઈટી (હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ)ના યજમાન પદે સંયુક્ત રીતે સેબુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ફિલિપાઈન્સ, સર્વસુમન એસોસિએશન અને ACS કૉલેજ ઓફ એન્જિનિયરિંગ, બેંગલોર દ્વારા તા. ૨૪ અને ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ 'ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ઈન્ફોર્મેશન સિસ્ટમ્સ ડિઝાઇન એન્ડ ઈન્ટેલિજન્ટ એપ્લિકેશન્સ' (ICISDA-2026) નું આયોજન યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે ઓફલાઈન અને ઓનલાઈન એમ હાઈબ્રીડ મોડમાં કરવામાં આવ્યું હતું.

પ્રથમ દિવસે MEITY ના જોઈન્ટ ડિરેક્ટર ડૉ. આઈ. બાલકૃષ્ણ, ડૉ. કોકિલાબેન પરમાર અને CHARUSAT, ચાંગાના ડીન ડૉ. ગાયત્રી દવે દ્વારા કીનોટ વક્તવ્યો અને રિસર્ચ પેપર રજૂ કરવામાં આવ્યા હતા. વિભાગીય વડા ડૉ. ભાવેશ એમ. પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

બીજા દિવસે ડૉ. વાસુદેવન રામચંદ્રન, Director, Research Management Centre, MAIWP International University, Kuala Lumpur, Malaysia અને પ્રો. ડૉ. નૌરા કરમલ્લા મોહમ્મદ, University of Bahri, Sudan દ્વારા જ્ઞાનવર્ધક કીનોટ પ્રવચનો અને રિસર્ચ પેપર રજૂ કરવામાં આવ્યા હતા. અંતમાં ડૉ. મમતાબેન સોની દ્વારા વેલેડિક્ટરી સત્ર યોજાયું, જેમાં ડૉ. પ્રીનોન બાગચી દ્વારા કોન્ફરન્સનો વિસ્તૃત સારાંશ અને સત્તાવાર આભારવિધિ રજૂ કરવામાં આવી તથા વિજેતાઓની જાહેરાત સાથે આ દ્વિ–દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું ભવ્ય સમાપન થયું હતું.

## ફ્રેશર પાર્ટી



હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવન ખાતે અંગ્રેજી વિભાગ દ્વારા ફ્રેશર પાર્ટીની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. વિભાગના વડા પ્રો.ડૉ. હેતલબેન પટેલ, ડૉ. તપસ ચક્રવર્તી, આસિ.પ્રો. ઉર્વી મોઢા તથા આસિ.પ્રો. માનસી ચૌધરીનું પુષ્પગુચ્છથી વિદ્યાર્થીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. નવા વિદ્યાર્થીઓનું સ્વાગત કરતા તેમજ તેમને પ્રોત્સાહિત કરતા અવનવા કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા. જેમાં ડાન્સ, ગીત, શાયરી, ગરબા તેમજ સ્પીચ દ્વારા વિભાગના સિનિયર તથા જુનિયર વિદ્યાર્થીઓએ કાર્યક્રમને અનોખો રંગ આપ્યો હતો. એકબીજાનું અભિવાદન કરતા કેક દ્વારા મોઢું મીઠું કરીને અધ્યાપકો અને સિનિયર વિદ્યાર્થીઓએ જુનિયર્સને અંગ્રેજી વિભાગમાં આવકાર્યા હતા.

વિભાગના ડૉ. તપસ ચક્રવર્તીએ તમામ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક ઉદ્‌બોધન કરી જીવનમાં સતત આગળ વધવાની, ઉત્સાહ અને કરુણા રાખવાની પ્રેરણા આપેલી. નવા આવનાર વિદ્યાર્થી ભાઈ–બહેનોએ ગીત, સંગીત અને ડાન્સ દ્વારા પોતાની પ્રતિભા રજૂ કરી સર્વને અચંબિત અને મનોરંજિત કર્યા હતા. પરિવારની ભાવનાને મજબૂત કરતા સમગ્ર સ્ટાફ દ્વારા ઉત્સાહથી કાર્યક્રમના અંતે માતાજીના ગરબા રમવામાં આવેલા. જેમાં સ્ટાફ, વિદ્યાર્થીઓ તથા મહેમાનોએ ઉપસ્થિત રહી સાથે ગરબા રમી જુસ્સામાં વધારો કર્યો હતો.

# કૉલેજ ન્યુઝ

## ઉજવણી



❋ નચિકેતા આર્ટ્સ કોલેજ, થરાના પ્રાંગણમાં ગુજરાતી સાહિત્યના નભમંડળના દેદીપ્યમાન નક્ષત્ર, સમર્થ એકાંકીકાર તથા વાર્તાકાર, નિબંધકાર અને વિવેચક તેમજ સાહિત્ય જગતમાં 'વાસુકિ' અને 'શ્રવણ' ઉપનામથી સુવિખ્યાત અને ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કારથી મંડિત મૂર્ધન્ય કવિશ્રી ઉમાશંકર જોશીની જન્મજયંતિની અત્યંત ભવ્ય અને સાહિત્યિક ગરિમા સાથે ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત સાહિત્યમાં 'વિશ્વમાનવ' તરીકે ઓળખાતા કવિશ્રી ઉમાશંકર જોશીના ચરણે સાહિત્યિક અર્ઘ્ય. આ હૃદયસ્પર્શી થીમ હેઠળ યોજાયેલા આ સ્મૃતિપર્વના મંગલ પ્રારંભે શબ્દના સાધકની સ્મૃતિને વાગોળતાં સમગ્ર વાતાવરણમાં એક અનેરી સાહિત્યિક ચેતનાનો સંચાર થયો હતો. આ સારસ્વત મહોત્સવનું કુશળ અને મનોહર સંચાલન પ્રા. શ્રી વિપુલભાઈ સુથાર દ્વારા કરવામાં આવ્યું હતું.

ગુજરાતી વિભાગના અધ્યાપકશ્રી બળદેવભાઈ રબારીએ કવિશ્રીના આજીવન સાહિત્યિક તપ, તેમના અખૂટ પ્રદાન અને વિરાટ વ્યક્તિત્વના વિવિધ પાસાઓ પર અત્યંત રસપ્રદ અને સચોટ પ્રકાશ પાડ્યો હતો. સંસ્થાના દીર્ઘદ્રષ્ટા આચાર્યશ્રી ડૉ. ગોપાલભાઇ કાપડીએ પોતાના પ્રેરણાદાયી વક્તવ્યની અમીધારાથી સૌને રસતરબોળ કર્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓના હૃદયમાં કવિશ્રીના ઉચ્ચ આદર્શો અને સર્વસમાવેશક માનવતાવાદી વિચારોની જ્યોત પ્રજ્જવલિત કરી, તેમને સાહિત્ય અને સંસ્કારના આ પ્રેરણાદાયી પંથે ચાલવા માટે હૃદયપૂર્વક આહ્વાન કર્યું હતું.



❊ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કોલેજ, શામળાજી ખાતે એન.સી.સી. યુનિટ દ્વારા ૨૬મી જુલાઈએ કારગિલ વિજય દિવસની ઉજવણી ઉમંગપૂર્વક કરવામાં આવી હતી. પ્રિ. અજય પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં એન.સી.સી. કેડેટ્સને કારગિલ યુદ્ધ અંગેની મહત્ત્વની વિસ્તૃત માહિતી ડૉ. હેમંત પટેલ દ્વારા આપવામાં આવી હતી. એનસીસી કેડેટ્સમાં રાષ્ટ્રભક્તિ અને યુવાનોમાં દેશસેવા ભાવનાનો વિકાસ થાય એ હેતુસર દેશભક્તિ ગીત કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. સદર કાર્યક્રમનું સંચાલન એન.સી.સી. ઓફિસર ડૉ. હેમંત પટેલ તથા ડૉ. કલ્પના પટેલે સંયુક્ત રીતે કર્યું હતું.



❊ રેડ રિબન ક્લબ અને શ્રી બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજની હેલ્થ એન્ડ હાઈજીન કમિટી તેમજ મનોવિજ્ઞાન વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮–૭–૨૦૨૬ના રોજ 'વિશ્વ હિપેટાઈટીસ ડે'ની ઉજવણી કોલેજના પ્રિ. ડૉ. રાકેશ રાવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. જેમાં ઊંઝા તાલુકાના ICTC કાઉન્સેલર જયદીપભાઈ પટેલ તથા STS ઓફિસર ભાવેશભાઈ પંડ્યાએ વિદ્યાર્થીઓને હિપેટાઈટીસના પ્રકારો, તેના લક્ષણો, તેનાથી બચવાના ઉપાયો અને સારવાર વિશે ઊંડાણપૂર્વક સમજૂતી આપી હતી. આ રોગની ગંભીરતા વિદ્યાર્થીઓ સમજે તે માટે નર્સિંગ કોલેજ, વડનગરના વિદ્યાર્થીઓએ એક નાટિકા પણ રજુ કરી હતી.



❊ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના ગુજરાતી વિભાગ દ્વારા તા. ૨૧–૦૭–૨૦૨૬ના રોજ "ઉમાશંકર જોશી"ની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ઉમાશંકર જોશીના ફોટાને અને તેમના પુસ્તકોને કંકુ–ચોખાથી તિલક કરી ફૂલોથી તેમનું પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૯ જેટલી વિદ્યાર્થિનીઓએ ઉમાશંકર જોશીના જીવન, સાહિત્ય સર્જન તેમજ અન્ય સેવાઓ વિશે વાત કરી હતી અને તેમના કાવ્યોનું પઠન અને ગાન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ પ્રિ.ડૉ. હિનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ પુરો થયો. પ્રા. એચ.એચ. પરમારે ઉમાશંકર જોશી વિશે જનરલ માહિતી આપી, જ્યારે ડૉ. વર્ષાબેન બ્રહ્મભટ્ટે આભાર વિધિ કરી હતી.



❊ ગુજરાતી સાહિત્યના ઉત્તમ કવિ–સાહિત્યકાર શ્રી ઉમાશંકર જોશીની જન્મ જયંતિની ઉજવણી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાધનપુરમાં કરવામાં આવી હતી. પ્રિ. ડૉ. સી. એમ. ઠક્કરે કવિના ગામ બામણાની વાત કરીને તેનું મહત્વ દર્શાવ્યું હતું. વક્તા ડૉ. ભરતભાઈ કાનાબારે ઉમાશંકર જોશીની નાટ્યકલાની ચર્ચા કરી હતી. તેમણે તેમના નાટકોમાં ગ્રામીણ જીવનની વાસ્તવિકતા, રૂઢિવાદ, સ્ત્રીઓ તરફનું વલણ અને ગાંધી વિચારનો પ્રભાવ રજૂ કરી 'સાપના ભારા', 'દુર્ગા', 'બારણે ટકોરા' જેવા નાટકોની ચર્ચા કરી નાટ્યત્મકતા દર્શાવી હતી. બીજા વક્તા ડૉ. કુંજલબેન બારોટે ઉમાશંકર જોશીની કવિતાની ચર્ચા કરી તેમના જીવનને રજૂ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડૉ. અંજનાબેન મકવાણાએ કરી હતી.



❊ શ્રીમતી આર. આર. એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ વિજાપુરની સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા તેમજ ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સર્જકશ્રી ઉમાશંકર જોશીની જયંતિની ઉજવણી તા. ૨૧/૦૭/૨૦૨૬ના રોજ કરવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓ દ્વારા સર્જકના જીવનનો પરિચય, ગીતોનું ગાન તેમજ કાવ્યોનું પઠન કરવામાં આવ્યું હતું. જેમાં બી.એ. સેમ–૧ની વિદ્યાર્થિની પટેલ સેરેના અને અંસારી નરગીસબાનુ બી.એ. સેમ–૩ની વિદ્યાર્થિની ઠાકોર આશા અને બી.એ. સેમ–૫ની વિદ્યાર્થિની પટેલ વિપ્સી રાઠોડ હેતલ, બારોટ વૈદેહી તેમજ બારોટ હિમાંશીએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## એન.સી.સી.



✲ શ્રી વી.આર. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં પ્રિ.ડૉ. જે.કે. પટેલના માર્ગદર્શન હેઠળ નવા વર્ષે એનસીસી વિભાગમાં કેડેટના એનરોલમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નવાં વર્ષે ખાલી પડેલી જગ્યા માટે વિદ્યાર્થી ભાઇ–બહેનોની પસંદગી કરવામાં આવી હતી. તેમની પસંદગી ૭ ગુજરાત એનસીસી બટાલિયનના સુબેદાર મેજોર દિપક કુમાર અને શિવકુમાર, ઈન્સ્ટ્રક્ટર સુરેશકુમાર દ્વારા કરવામાં આવી હતી. સાથે સાથે સાત ગુજરાત એનસીસી બટાલિયન દ્વારા ૨૨ કેડેટ્સને લાન્સ કોર્પોરિયલ, સાર્જન્ટ, ક્વાટર માસ્ટર, અંડર ઓફિસર અને સિનિયર અંડર ઓફિસર તરીકે રેન્ક આપી બઢતી આપવામાં આવી હતી.



✲ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કોલેજ, શામળાજી ખાતે એ.સી.સી. યુનિટના સંકલન હેઠળ અને ૩૪ બટાલિયન, હિંમતનગરના માર્ગદર્શન હેઠળ એન.સી.સી. કેડેટ્સ માટે પ્રેક્ટિકલ આધારિત પસંદગી પ્રક્રિયા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવી. આ કાર્યક્રમ પ્રિ.ડૉ. એ.કે. પટેલના દઢ માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. ૩૪ બટાલિયન હિંમતનગરમાંથી આવેલ ટીમ તેમજ એન.સી.સી. ઓફિસર ડૉ. હેમંત પટેલ તથા ડૉ. કલ્પના પટેલે વિદ્યાર્થીઓનું પ્રેક્ટિકલ મૂલ્યાંકન કરીને પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરી હતી. એન.સી.સી. યુનિટના કેડેટ્સે પણ સહયોગ આપી કાર્યક્રમને સફળ અને શાંતિપૂર્ણ બનાવ્યો હતો.

## કાર્યક્રમ



✲ બાળકોને જાતીય શોષણથી સુરક્ષા આપવા માટે બનાવેલ પોક્સો એક્ટ અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાના હેતુથી સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, સતલાસણાના એન.એસ.એસ. યુનિટ અને દિલ્હીથી સાક્ષી એનજીઓના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨–૦૭–૨૦૨૬ના રોજ ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે સાક્ષી એનજીઓના સ્પીકર શ્રી પી.શર્માએ પોક્સો એક્ટના મુખ્ય મુદ્દાઓ વિદ્યાર્થીઓને સમજાવ્યા હતા. તેમણે બાળકોના અધિકારો, જાતીય શોષણના વિવિધ પ્રકારો, ફરિયાદ નોંધાવવાની પ્રક્રિયા, કાયદા હેઠળ મળતી સુરક્ષા તથા ગુનેગારો માટેની સજાની વિગતવાર માહિતી આપી હતી.



✲ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કૉલેજ, વિજાપુરમાં રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા તા. ૨૮–૭–૨૦૨૬ના રોજ સ્વયંસેવિકાઓએ કોલેજ કેમ્પસમાં જુદા જુદા રોપા જેવા કે બોરસલી, લીમડો, બોગનવેલ, કરણ વાવી વૃક્ષારોપણ કર્યું તથા વૃક્ષોનું જતન કરવાનો નિર્ધાર કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિ. ડૉ.એસ.એસ. પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર શ્રી મનીષકુમાર ગામીતે કર્યું હતું.



✲ આર્ટ્સ કૉલેજ, શામળાજીના એનએસએસ યુનિટ અને એનસીસી યુનિટના સંયુક્ત ઉપક્રમે તા. ૨૭–૦૭–૨૦૨૬ના રોજ પર્યાવરણ જાગૃતિ અને પ્રકૃતિ પ્રત્યેની જવાબદારી નિભાવવાના સંદેશ સાથે 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય સંચાલક તરીકે એન.એસ.એસ.ના પ્રો.ઓ. ડૉ. સંજય પંડ્યા અને ડૉ. જાગૃતિ પટેલ ઓફિસર્સ ડૉ. હેમંત પટેલ અને ડૉ. કલ્પના પટેલ હાજર રહ્યા હતા. જેમના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ રેલી કાઢીને વૃક્ષનું મહત્ત્વ અને તેના ફાયદા વિશે જુદા જુદા સૂત્રોચ્ચાર કરીને ધરતીને હરિયાળી બનાવવા માટે આહ્વાન કર્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત કોલેજ કેમ્પસ અને આસપાસના વિસ્તારોમાં પીપળો, કણજી, લીંબડો, ગરમાળો જેવા વૃક્ષો રોપવામાં આવ્યા હતાં. દરેક વૃક્ષને એક વિદ્યાર્થીના નામ સાથે જોડવામાં આવ્યું હતું અને તેનું રોપણ કરવામાં આવ્યું હતું. જેથી તે વિદ્યાર્થી પોતાની જવાબદારી અને વટ વૃક્ષ બનીને વૃક્ષ સંરક્ષણના સંદેશ સાથે જીવન યાત્રા કરે.



❊ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજના IQAC અને સંસ્કૃત વિભાગ દ્વારા તા. ૨૯–૦૭–૨૦૨૬ના રોજ ગુરુવંદના અને માતૃ–પિતૃ વંદના કાર્યક્રમનું ભાવપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થિનીઓમાં ગુરુજનો તેમજ માતા–પિતા પ્રત્યે આદર, કૃતજ્ઞતા અને સંસ્કારના મૂલ્યોનું સિંચન કરવાનો હતો. વિદ્યાર્થિનીઓએ ગુરુજનો અને પોતાના માતા–પિતાના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં કંકુ ચોખા અને ફૂલથી  પૂજન વંદન કરી કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થિનીઓએ ગુરુભજન, ગુરુ મહિમા વક્તવ્ય રજૂ કરી ગુરુ તથા માતા–પિતાના જીવનમાં રહેલા મૂલ્ય યોગદાનને ઉજાગર કર્યું હતું. પ્રિ.ડૉ. હિનાબેન એમ. પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, જીવનમાં સફળતા મેળવવા માટે ગુરૂના માર્ગદર્શન અને માતા–પિતાના આશીર્વાદનું વિશેષ મહત્વ છે.

## વ્યાખ્યાન



❊ શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણાના એન.એસ.એસ. યુનિટ અને સાક્ષી એન.જી.ઓ. અંતર્ગત રસ્કિન પ્રોજેક્ટના સંયુક્ત ઉપક્રમે બે દિવસ દરમિયાન ઓનલાઇન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૨–૭–૨૦૨૬ના રોજ જાતિય ગુનાઓથી બાળકોનું રક્ષણ અને તેને લગતા કાયદાઓ (POCSO Act –૨૦૧૨) વિષય પર શ્રી અભય દુબેજીએ મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. ઉપરાંત તા. ૨૩–૭–૨૦૨૬ના રોજ મહિલાઓ પર થતી જાતીય સતામણી અને તેના નિવારણ અને કાયદાઓ (POSH Act-2013) વિષય પર સુશ્રી પાવની શર્માએ પી.પી. ટી. અને વિવિધ વિડિઓના માધ્યમથી મનનીય વ્યાખ્યાન આપ્યું હતું.



❊ એમ.એન. કૉલેજ, વિસનગર પ્રાણીશાસ્ત્ર વિભાગ, એનિમલ સેવિયર્સ ચેરિટેબલ ટ્રસ્ટ, એન.એસ.એસ., એન.સી.સી. તથા ઇકો ક્લબના સંયુક્ત ઉપક્રમે સર્પ જાગૃતતા વિશે તજજ્ઞ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં એનિમલ સેવિયર્સ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રેસિડેન્ટ મૌલીક સુતરીયા, સેક્રેટરી દર્શિત શાહ, નિખિલ નાયી અને કાર્તિક મોહનિયા હાજર રહ્યા હતા. કૉલેજના આચાર્ય ડૉ. આર.ડી. મોઢ IQAC કો–ઓર્ડીનેટર ડૉ. કે.એમ. જોષી, IPRના વૈજ્ઞાનિક નરેન્દ્ર ચૌહાણ તથા એમ.એસ. પટેલ હાજર રહ્યા હતા. તજજ્ઞ દર્શિત શાહ દ્વારા સર્પોનું વર્ગીકરણ, તેમના વિષના પ્રકારો તેમની ઓળખ વિધિ, ઝેરી–બિન ઝેરી સર્પોની ઓળખ અને તેમના ઉદાહરણો, નિવસનતંત્રની જાળવણીમાં સર્પોનું મહત્વ, સર્પદંશથી બચવાની તથા સર્પદંશ થાય તો શું કરવું અને શું ન કરવું અને આપણા જીવનમાં સાપનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું તથા સાપને બચાવવા કયા ટુલ્સનો ઉપયોગ થાય છે તે પણ તેમના દ્વારા નિદર્શન દ્વારા જણાવવામાં આવ્યું હતું.

❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમસાયન્સ કોલેજ, મહેસાણાના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા તારીખ ૧૬ જુલાઈના રોજ "Careers in Psychology" વિષય પર નિષ્ણાત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા તરીકે જાણીતા મનોવૈજ્ઞાનિક અને કાઉન્સિલર ડૉ.રાજેશભાઈ પરમાર ઉપસ્થિત રહી વિદ્યાર્થિનીઓને મનોવિજ્ઞાન ક્ષેત્રે ભવિષ્યમાં રહેલી વિવિધ તકો, આગળ વધવાના સાર્ગો અને ઉજ્જવળ ભવિષ્યના ઘડતર અંગે ખૂબ જ પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પ્રિ.ડૉ. સુનિતા સુપહિયા અને મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડૉ. વૈશાલીબેન પંચાલના કુશળ માર્ગદર્શન હેઠળ સમગ્ર કોલેજ પરિવારે આ આયોજનને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## સ્પર્ધા



❊ કે.આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીમાં, તા. ૨૯ જુલાઈ ૨૦૨૬ના રોજ કૉલેજના પ્રિ. ડૉ. એ.કે. પટેલના માર્ગદર્શન હેઠળ 'ગુરુપૂર્ણિમા' પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ડૉ. પી.એસ. પનેસરે ગુરુપૂર્ણિમા પર્વનું મહત્ત્વ અને જીવનમાં ગુરુનું માર્ગદર્શન કેટલું જરૂરી છે. ગુરુ વિના આપણું જીવન અધૂરું છે. દરેકના જીવનમાં એક સાચો ગુરુ હોવો જોઈએ જેથી આપણે જીવનમાં સાચું જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ. વિદ્યાર્થીએ ગુરૂઓને પુષ્પગુચ્છ આપીને ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ લીધા હતા. કાર્યક્રમના અધ્યક્ષ માનનીય ડૉ. મધુસૂદન વ્યાસે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહી ગુરુ મહિમાનું સુંદર ઉક્તિઓ દ્વારા ગુરુ પૂર્ણિમાની ગાથા કહી આશિર્વચન આપીને વિદ્યાર્થીઓને કૃતાર્થ કર્યા હતા. ઉપરાંત ગુરુ દ્રોણાચાર્ય, સંત કબીર, કૃષ્ણ–ગુરુપૂર્ણિમાનો મહિમા વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓએ પણ ગુરુપૂર્ણિમા પર્વ પર પોતાના મૌલિક વિચારો રજૂ કર્યા હતા.



✻ શ્રીમતિ કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતિ એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરાના પ્રિ.ડૉ. ડી.એસ. ચારણ ની પ્રેરણા પ્રોત્સાહન અને માર્ગદર્શનમાં એન.એસ.એસ. વિભાગ દ્વારા તા.૨૫ જૂન ૨૦૨૬ના રોજ નશામુક્તિ અને ભારતીય સમાજ વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં પ્રિન્સિપાલશ્રી એ વર્તમાન સમયના યુવાનોમાં નશો કરવાની આદત અને તેના કુપરિણામો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં જણાવતા કહ્યું હતું કે યુવાનો વ્યસનથી દૂર રહી સશક્ત અને સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપીએ. આ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન એન. એસ.એસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. રામ સોલંકી અને ડૉ. ગૌરવ શ્રીમાળી એ કર્યું હતું. નિબંધ નું મૂલ્યાંકન કોલેજના ગુજરાતી વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સેમિનાર




✻ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ કડીના IQAC સેલ અને એન.એસ.એસ. વિભાગ દ્વારા તા. ૨૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ વિશ્વ હેપેટાઈટિસ દિવસ નિમિત્તે આરોગ્ય જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થિનીઓમાં હેપેટાઈટિસ જેવા ગંભીર યકૃત (લિવર) રોગ અંગે જાગૃતિ લાવવાનો તેમજ તેના નિવારણ સમયસર નિદાન અને સારવાર અંગે માહિતી પહોંચાડવાનો હતો. કાર્યક્રમ દરમિયાન નિષ્ણાત વક્તા કડીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કુંડાળના કૌશલભાઈ મોદી ઉપસ્થિત રહ્યા હતા. જેમણે હેપેટાઈટિસના વિવિધ પ્રકારો, તેના ફેલાવાના કારણો, લક્ષણો, બચાવના ઉપાયો, સ્વચ્છતાનું મહત્વ તેમજ રસીકરણ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.



✻ શ્રી વી.આર.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં પ્રિ.ડૉ. જે.કે.પટેલના માર્ગદર્શન હેઠળ બી.કોમ સેમ.૧ ના વિદ્યાર્થીઓ માટે ઇંગ્લિશ એફિસિઅન્સી ટ્રેનિંગ પ્રેક્ટિસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એક્સપર્ટ તરીકે કેસેજી સ્કૂલ નેટના સપનાબેન શર્મા અને ફેનીબેન ત્રિલોકચંદાની ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન સ્કોપ કો–ઓર્ડિનેટોર પ્રો. વી. બી. પટેલ અને ડો. અલ્પાજાની દ્વારા કરવામાં આવ્યું હતું.



✻ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાધનપુર ખાતે સંસ્કૃત વિભાગ દ્વારા પ્રિ.ડૉ. સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ 'આષાઢસ્ય પ્રથમ દિવસે' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રિન્સીપાલશ્રીએ વિદ્યાર્થીઓને પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમની શરૂઆત ડૉ. સુરેશ ઓઝાની સુંદર પ્રાર્થના થકી થઇ હતી. કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ. કુસુમબેન અખાણી, ડૉ. સમીરભાઈ પ્રજાપતિ અને ડૉ. બલાભાઈ રબારીએ કાલિદાસના મેઘદૂત ઉપર સુંદર વ્યાખ્યાન આપી વિદ્યાર્થીઓને ખૂબ જ પ્રોત્સાહિત કર્યા હતા.

## સબરસ

ચંગુ ભરપેટ જલેબી ખાધી અને પછી જવા લાગ્યો.
દુકાનદાર : પૈસા તો આપ.
ચંગુ : પૈસા તો નથી મારી પાસે.
દુકાનદારે ચંગુને ખૂબ માર્યો.
ચંગુ : આ ભાવમાં બીજી એક કિલો મીઠાઇ તોલી આપો.

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan

P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

**Editor : Dr. Rajanikant Patel** (University Librarian)

Published by : **Dr. R.N. Desai**, Registrar, H.N.G.U., Patan.

Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/–   કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/–